## (૧) 'વાત્સલ્ય'

પ્રેમ સ્વરૂપ તમને કહીને, પ્રેમ સ્વરૂપ નિહાળું,
કોટી વંદન જ્ઞાનેશ્વરીને, કોટી વંદન સરસ્વતીને... વાત્સલ્ય સમજાયું... પ્રેમ
કોમળતાનો 'આ' મૂળ સ્વ સ્પર્શ, જેણે નથી હજુ ચાખ્યો,
તેમને માટે ઓ મહાશક્તિ ધરી રાખો હજુ 'મા' ને.
વહી જતા આ કળજગમાં (૨) આવા પુણ્યૈ ઓછા.. કોટી વંદન...
તરીને તરાવ્યો, તરતા શીખવી, કેવી કૃપા આ હસ્તીની !
પ્રત્યક્ષ બોધ પ્રેમથી પીરસીને, સાગરસમ ગોદ ખોલી,
શુદ્ધ વ્યવહારીના અનંત ફૂલો (૨) વરસી રહ્યાં આ માર્ગે.. કોટી વંદન
'મા' શબ્દની નવી વ્યાખ્યા જગના ચરણે ધરી,
નિદિધ્યાસન આ શક્તિનું, લાખો હૃદયમાં રમતું,
અક્રમ વિજ્ઞાનીના ચરણોમાં રહીને (૨) અક્રમ સિદ્ધિ સ્થાપી... કોટી
પરમ વિનયનો કોમળ પંથ જો, કેવો પ્રકાશીત સામે,
સંગમેશ્વરની દેશના ઝીલી, વ્હાલથી મો માં મૂકી,
એક એક વાક્યો અનુભવીના (૨) પુષ્ટી મહીંથી આપે.. કોટી વંદન
સહેજે ઉપજતું, સહેજે વસતું, મા તારું આવું દર્શન,
દૂરદર્શનથી નેત્રો જેના, જગાડે મ્હાટલાને,
રોમે રોમમાં જેની સ્ફૂરણા (૨) તેની સિદ્ધ જાણી. કોટી વંદન

માર્ચ ૮ ૨૦૦૬, ૮:૨૩



## (૨) 'સીમંધર મીશન'

સંગમેશ્વર તારા પગલા, કોટી કોટીને ઉદ્ધારશે,
તારી એક ઝલકનો જે પ્યાસી છે, તેને પણ સાથે લઈ લેશે.
તારી આંખોમાં અખૂટ પ્રેમ,
તારા ભાવોમાં કરુણા અગમ
તારા વેણ માટે હું શું લખું ?
સર્વસ્વ જેને વરી ગયું.. સંગમેશ્વર
તારા પગલાની સુદાસ જ્યાં,
ફેલાવે મુક્તિનો નાદ ત્યાં,
એવા અલૌકિક પરમાણુઓ !
પહોંચી જજો યુગ યુગમાં.. સંગમેશ્વર...
બે અક્ષરે અક્ષરધામ,
બીજા અક્ષરોનું નથી રે કામ,
એને દાદા નામો જાણ્યું હવે,
અનંત સુખનું મહીલું ધામ... સંગમેશ્વર.....
વહે તારું આ વિજ્ઞાન આ,
દુનિયાની સહુ ભાષાઓ મા
હે પ્રયોગી તારા પ્રયોગમાં,
આશ્ચર્ય પણ અંજાઈ જશે... સંગમેશ્વર...

૧૦-૩-૨૦૦૫

## (૩) 'સાનીધ્ય'

ચાહે પાસ હો, ચાહે દૂર હો, મારા ભવોભવના તારણહાર છો,

આંખોની આ ઓળખ સાચી, સત્ પુરુષના પ્રેમને પારખી,

જુગ જુગ જીઓ મારા જ્ઞાની, અપર્ણ આ પુણ્યાંજલી મારી, અંજલી મારી....

ચાહે...

લઘુત્તમના આપે શીખવાડી, શિષ્યતાને દિન દિન પમાડી,

પરમ વિનયમાં ધ્યાન વહાવી, મુક્તિનો આ સ્વાદ વધારી, સ્વાદ વધારી..

ચાહે...

આપના ચરણોમાં જે બેઠાં છે, તેમના ચરણોમાં હું બેસું છું,

પરમ વિનયનો આજ મારગ, શ્રી વીતરાગે ભાખ્યો અખંડ, ભાખ્યો અખંડ,

ચાહે...

મારા જ્ઞાનીના પ્રતિનીધી.. વિશ્વે ફેલાવે દાદાવાણી,

કોમલ ચરણ સ્પર્શ શુદ્ધિ... અભેદની કૃપા વરસી, કૃપા વરસી..

ચાહે...

જ્યાં સુધી છે સૂરજ તારા... ત્યાં લગી રહેજો સાથે અમારા,

ભળકે બળતા જીવો અપૂર્ણ આ.. ઠેર ઠેર ઠરતાં, દર્શને તારા, દર્શને તારા...

ચાહે...

૬-૭-૨૦૦૪



## (૪) છેલ્લી ભાવના

મારા ભવોભવની ભાવના.. પ્રભુ પ્રેમે આપે સ્વીકારીયાં,

હવે આજ એક જ ભાવના... પ્રભુ પ્રત્યેક જ સ્વીકારજો... મારાં

(૧) જેના અંતરંગમા કષાય નથી... જેના ભાવોમાં હિંસા નથી (૨)

જેના ભાવોમાં હિંસા નથી....

એવા અરૂપી મહીં દાદાનો... (૨) પ્રભુ આપ માટે ઘડાઈ રહ્યો... મારાં

(૨) અવ્યક્ત ઓળખ દૂરની... પૂજા છે આ નવ અંગોની... (૨)

પૂજા છે આ નવ અંગોની...

જેવા સાષ્ટાંગી અપર્ણ વહે... પહેલી છેલ્લી પૂજા કઈ ?... મારાં

(૩) વિવેકથી.. વિનયથી, વિનયથી આ પામ્યો.. (૨)

વિનયથી આ પામ્યો....

હવે પરમ વિનયથી.. (૨) પ્રભુ આપને ઓળખીયાં.. મારાં

(૪) વીતરાગોનું આ દરશન... અનભુવ ક્ષેત્રે વહી રહ્યું... (૨)

અનુભવ ક્ષેત્રે વહી રહ્યું....

(૫) સંકેતો સૂક્ષ્મ આપના... નીરાવરણીને જ પૂંગે... (૨)

નીરાવરણીને જ પૂંગે..

અહીં ખુલ્લા કરજો રહસ્યો સૌ (૨) કોટી વંદન તરસતા રે.. મારાં

૧૭-૪-૦૪

## (૫) "આરાધના"

આરાધના નું આ ફળજો...સમસ્ત જીવોનું કલ્યાણ હો....

આ મન વચ કાયાની ક્રીયા...પરમાર્થીક હોજો સૌ નીર્જરા...આરાધના....

એક જ્ઞાનીએ....કહ્યું જોઈ ને...

સંપૂર્ણ વ્યવસ્થિત કર્તા છે...

અકર્તા તો....તું મુક્ત છે

કર્તાથી અવસ્થિત બંધન છે....આરાધનાનું આ ફળ જો..

અણ...સમજણની અથ...ડામણથી,

પોતાનું જ સુખ....આવરાય

અકર્મી જુદો છે કરમથી....

હું કરું છું એજ માર ખાય....આરાધનાનું આ ફળ જો...

જ્યાં જ્ઞાન છે....ત્યાં દુઃખ નથી....

એમ કહ્યું અપૂર્વ જ્ઞાની એ.....

હોય કિંચીત દુઃખની અનુભૂતી...

પોતાપણું હાજર જાણીએ.... આરાધનાનું આ ફળ જો....

આ દાદા એ સૌ ભાવોને લઈ,

નિશ્ચય આપ્યો જીતે.....નદીય



જિનેશ્વર સ્થાપી અંતરમાં

ચોથો આરો વર્તાવ્યો પંચમ માં....આરાધનાનું આ ફળ જો

અનોખી આ ભાવના નો જાણનાર...

જ્ઞાનીના ચરણોમાં સમર્પીત..

ટોંચે પહોંચ્યા આપ તારણહાર...

જોડે જોડે જ રાખ્યો એક તાર....આરાધનાનું આ ફળ જો

અનોખી ઉષા આ.....અલીપ્ત ની,

લઘુત્તમની ખુમારી......લૌકીક ની

સદગુરૂ સંજ્ઞા.....કેવળી ની

અસીમ કૃપા એક જ્ઞાનીની.....આરાધનાનું આ ફળ જો

સર્વજ્ઞના સુચરણોમાં

## (૬) 'સ્વછંદ'

જેણે જાણ્યું સાચું સુખ અંતરમાં...તેનો જાગ્યો માંહ્યલો, તેનો જાગ્યો માંહ્યલો

જે રહ્યો જુદો તેના માંહ્યલાથી, દુઃખો તેના બાકી, દુઃખો તેના બાકી, જેણે

કોઇ પૂજે મુર્તી મનોહર, કોઇ જપતો માળા

કોઇ બોલે બ્રહ્મ વાક્યો, કોઇ કરતો સેવા

કેવા કેવા વેશો બદલે (૨) અભીનીવેશ બધા, કોનો જાગ્યો માંહ્યલો ?(૨)

પોતે માનેલાની આરતી ફરતો, માનામાનમાં ફસાતો

'તારો-મારો' જુદો કરતી, 'તેના'થી દુર થાતો

શ્વાસધડકનનો તું પુજારી (૨) અવસરીયો ચુકી જાતો, કોનો જાગ્યો માંહ્યલો?

સામે ભગવાન ! મહીલા ભગવાન ! તેનો ભેદ છે મોટો

એક જુદા છે, એક જોડે છે, કોનો સાથ સાચો ?

ભવોભવના આ સાથીને (૨) જાણીલે આ માંહ્યલાને, કોનો જાગ્યો માંહ્યલો?

'આ' જ હું છું, હું કરું છું, કદીના ટુટે કયાયે

'હું જાણું છું.' 'મારું જ સાચું', રખડાવે ભવોભવમાં

કૃપા તેનું નામ જ જાણ (૨) તોડાવે જે આ સઘડું, તેનો જાગ્યો માંહ્યલો ?

સાચી ભક્તિ તેને કહી છે, જ્યાં કઇક ઉપજે પ્રેમ

એવો પ્રેમ ક્યાં તે દીઠો, જ્યાં નથી કોઇ ઇચ્છા ?



ભકિત કરજે એવાની જ (૨) ઉપજાવે આ પ્રેમ, તેનો જાગ્યો માંહ્યલો(૨)

પૂજા પહેલા પૂછી લેજે, શું હું ખોળુ અહીયા ?

ક્યાથી આવ્યો ? હું કોણ છું ? શું રહ્યું છે બાકી ?

તેના જવાબો સુચરણોમાં (૨) પરમ વીનય વીનયમાં, તેનો જાગ્યો....

જેની મહીં 'આ' જ્ઞાનનો દીવો, તેજ તને તારે

સ્વયં ભક્તિ સહેજે ઉપજે, આવા 'સત' ના શરણે

ખોળી લેજે એવા પુરુષને (૨) કલ્યાણીરૂપે ફરતા, જેનો પ્રગટ માંહ્યલો(૨)

સર્વજ્ઞના સુચરણોમાં ૧૦-૯-૦૫

## (૭) અહમ વીલય

સંયોગની સંગાથે તણાઇ ગયો જે અહંમ

ફરી યાદ કરીને જ, ફરીયાદ થી મુક્ત થા

એવા એવા હથિયારો જે ઉંચકયાં'તા અહંમમાં

જેની ને તેની સામે ને સાથે જ ઉભા'તા

એક એક યાદ આવતા, ધોવાઇ રહ્યા તેના

ઉજળા હતા જેવા તે, તેવા હવે જોવાના......સંયોગ

નથી ખાલી થવા દેતુ જે 'આ' ગુંચનું પરીણામ

તેનું જ રહસ્ય રહ્યું છે માત્ર અહંમભાવ

ભાવાતીતમ થઇને આ શુ તે વળી ઉભું ?

ઉજળુ જેને આ સુઝતુ અંધારાના માલીકનું......સંયોગ

વહેતા જ રહેવા દો છલકાતા આ નયનો

મોતી સમ એક માળા છે અમુલ્ય બુંદોની

હથીયાર મુંકયા જેણે, વીરલાની નીશાની છે

પર ભાવથી છુટતાની અજોડ ખુમારી છે.......સંયોગ

વીતરાગ પ્રભુ તને કરોડો એવા પ્રમાણ

જેની મહીં આ ભાવોથી ભરેલું છે પ્રમાણ

જેની સાક્ષીએ આ પામ્યો, તેનો જ દીવો છું

તેને હાથમાં લઇને, તારી રાહનો પથીક છું......સંયોગ

સર્વજ્ઞાના સુચરણોમાં લંગુના બીચ ૧૦-૩-૨૦૦૫



## (૮) મુજકો અપને ગલે લગાવો...

મુજકો અપને ગલે લગાવો એય મેરે 'હમરાહી',

તુમકો ક્યાં બતલાઉ મય કે તુમસે કીતના પ્યાર હૈ

તનથી જુદું, મનથી જુદું, મારું સ્વરૂપ સાચું

રેકર્ડ વાગે સુર અસુરે 'સંગીતા' જ જાણું......તનથી જુદું....

મન અમન માળાના મણકા, જોવાથી જ છુટતાં જાળાં

જેવા હતા તેવા ઉકલતા, નથી થતાં નવા ફસાણાં (૨)

મુક્ત મને, નીર્ભયતાની મહીલી આ ખુમારી

અભેદીની દૃષ્ટિમાં, આવી પહોંચ્યો આરૂણી !......તનથી જુદું.....

અપર્ણતાની સાચી સમજણ, સંયોગજ શીખવાડે

નાની અમથી કાચી ભૂલ, પાડોશી જ ભાંગી દેશે (૨)

મેલું જેણે કર્યું હતું જ, ચોખ્ખું તેજ કરશે !

સ્વયં સીદ્ધ શુદ્ધી થી, સર્વાંગી દર્શન રહેશે.....તનથી જુદું.....

સાગર તરફ વહેતી સરીતા, ઘેરે આવતી વૃત્તિઓ

ક્યાં જઇ આવી, શું લઇ આવી, 'નીદોર્ષ' ને સ્પર્શીને આવી (૨)

ડહોળું - ચોખ્ખું બન્ને પાણી, પરમાણું પ્રમાણી !

નીર્દોષીની વ્યાખ્યા વિજ્ઞાની, જાણી તેને જાણી !.....તનથી જુદું....

સર્વજ્ઞના સુચરણોમાં

## (૯) અનંતાનું... બંધનો... નિકાલી...

ફરીથી 'જો' સામાયિક

અનંતાનું.....બંધનનો....નીકાલી યોગ.....સામે આવ્યો

ફરીથી ઝીણવટથી જોઇ, નીકાલીનો નીકાલ થયો.....અનંતાનું બંધનનો

એક ભવનું વ્યવસ્થિત આ, ફરી ફરી તાલ બાજે નહીં, (૨)

માટે પ્રમાદ તજી દઇને, પરમ પુરુષાર્થ શરૂ કરી દે.....

અહંમથી ચેતી, અહંમ ને મુકી, અહંમ કોઇનો દુભાય નહીં......અનંતા

જે તે જાણ્યું....ને અનુભવીયું.....તે શબ્દોમાં સમાય નહીં (૨)

ભેદ વીજ્ઞાનીનો આ ભેદ, સહજ સમાધિ વર્તાવે......

રીયલમાં રહી, રીલેટીવ જો.....રીલેટીવથી અલીપ્ત થયો.....અનંતા

વહી ગયો તે સમયનો સાર, તારી મહી અકબંધ છે (૨)

અનંત દર્શનનું વર્ણન......શ્રી વીતરાગે કરેલું છે

કર્યું તે શું ? બન્યું તે શું ? આ દર્શનથી જોઇને જો....અનંતાનું

જે ઇચ્છા ઉભી થઇ સામે....તેનું પ્રત્યાખ્યાન બાકી, (૨)

જે સ્મૃતિ સામે આવી ઉભી....તેનું પ્રતિક્રમણ બાકી

અંતરથી છુટતો 'મોહી', આજ્ઞાકીત શીષ્ય, 'આ'જ ખરો.....અનંતા

સવાલોના સમાધાની.....તે જ્ઞાની પૂર્ણ જ પ્રત્યક્ષ (૨)

બીજુ કઇ શોધમા ભાઇ, કાઢી લે કામ તારું અહીં

મનુષ્યભવ નો આ સાર, ફરી ફરી કયાયે મળશે નહીં.......અનંતા

૪-૮-૦૪ ડેલરે બીચ



## (૧૦) અક્રમ ભોર

ભોર ભઇ છે રે, અક્રમ વિજ્ઞાન ની

કીરણો ફેલાવે સુરજ આતમ જ્ઞાનનો......ભોર ભઇ છે રે

દૃષ્ટિ મલી જ્યારે, કરૂણા સાગરની

જ્ઞાન થયુ ત્યારે, આતમ જ્યોતમાં

વહેતી આ નૌકા ભાળી, ગલન રૂપમાં. .... ભો ભઈ છે રે

અક્રમ જ્ઞાનીની કૃપાની પ્રાપ્તીએ

છુટી ગયા છે રે, સંસારી બંધનો

ઉડે ગગનમાં, ઉર્ધ્વનો ગામી......ભોર ભઇ છે રે

પ્રાપ્તી થઇ જેન, પરમાનંદની

ખ્વાઇશ નથી તેને, ક્ષણીક સુખની

ઉભરાઇ રહ્યો તેનો, સત ચીત આનંદ.....ભોર ભઇ છે રે

ધન પદ પ્રતિષ્ઠાની સંસારી જાળો

માનમાનની વીષમ વૃત્તિઓ

સહેજે છોડાવી દીધા 'સત' દર્શનમાં........ભોર ભઇ છે રે

સતસંગ જેનો નીરંતર વહેતો

સવાલોમાં જેમનું પૂર્ણ સમાધાન

સવાલોને પૂછી પૂછી, દૃષ્ટિ મીલાવતા........ભોર ભઇ છે રે

સ્વ સંગે જાણી, વિષયની વ્યર્થતતા

સ્વમાં સમાયા મોહ જગતના

નિલિપ્ત નયનોનું અજોડ દર્શન.......ભોર ભઇ છે રે

અહો દાદા સંજોગ તમારા મીલનનો

અહો દાદા સ્વાદ તમારા સાચા આ પ્રેમનો

શબ્દમાં આવે નહીં, અનુભવ સ્વાનંદનો......ભોર ભઇ છે રે

સુચરણોમાં ૭-૫-૦૩

## (૧૧) દાદાનો દેશ

હો અમે ભૂલી રહ્યાં સંસારી વેશ

દાદાનો દેશ પ્યારો લાગે

કોઇ માને (૨) ના માને આ લેશ

દાદાનો દેશ પ્યારો લાગે

અમી ભરેલી જેની આંખ્યું અનંતની (૨)

સહેજ કૃપા જેના અખૂટ પ્રેમની

હો....ખોબે ખોબે (૨) પીધીને પીવાય દાદાનો દેશ પ્યારો

મહીલા ની ગોળ ગોળ ફરતી 'આ' આરતી (૨)

એક એક ફેરામાં ગુંચો ઉકલતી....

હો.....કેવી વીંટાયેલી... (૨) સમજાય દાદાનો દેશ...

કોણ ઝુંકી રહ્યા દાદાના ચરણે (૨)

કોણ ઘુમી રહ્યા દાદાના ગરબે

હો....હવે સાચું (૨) કુટુંબ ઓળખાય.......દાદાનો દેશ...

હુંફોની હુંફ આ પરમ પ્રભુની (૨)

સહેજે છોડાવે માયાવી હુંફથી

હો....ચાખી જેને...(૨) કદી ના છોડે....દાનો દેશ..

છેલ્લી આ દુનિયાને નીરાગી સલામ (૨)

પંચ કલ્યાણક દાદા વારસની

હો....સ્વમી ક્ષેત્રે....(૨) આવીને વરસે...દાદાનો દેશ....

સર્વજ્ઞના સુચરણોમાં ૪-૨૮-૦૪



## (૧૨) પરમ મિત્ર

તમે મારા મીત છો, તમે મારું હીત છો

તમે મારી આરઝુંમાં અનન્ય ધ્યેય છો.....તમે

૧. બાગબાન આપ છો આ, કળી ભરતક્ષેત્રના

ભુલકાં ભાન ભુલેલા અમ, તણાઇ રહ્યાં પૂરમાં

અજબ ગજબ સિદ્ધિધારી, એકલો પુરુષ આ

કેવી શક્તિથી ખેંચે, કળીયુગી જીવોને.....

કરૂણાસાગર દાદા, તારણતારણ આપ છો (૨)

મુક્તિની દોર તમારી....શ્વાસોનો સાર છે......તમે

૨. મહામોહ જાળમાં ફરી ફરી ફસાતા અમ

પુરણ ગલનની સૃષ્ટિ 'અતૃપ્ત જેલ' સમ

કુસંગ જગના અતી જટીલ પાસમાં

મુર્છાનો માર ખાતા 'બેભાની' દેહમાં.....

સ્વ સંગ 'સત'ની સ્વાનુભૂતીનો

સ્વાદ સાધ્યો સીધો સાદો સહેજે સંસારમાં.....તમે

૩. આંખોથી દર્શન કરા ઉતરું ઊંડાણમાં

ખોખાં જ જોતા જોતા.....ખોખા જ આવતા

વીરહો વધ્યો દાદા આપ દર્શનનો

વહી જાતા આંસુ અંજલી સ્વીકારો દુરના

સ્થુળ સુક્ષ્મ ભાવને જડ ના જાણીને પણ

ભાવોના રાજા તમને હૃદયમાંજ રાખુ.....તમે

સર્વજ્ઞના સુચરણોમાં ૭-૧૬-૨૦૦૫

## (૧૩) અંતર-સંવાદ

દાદા કૃપા છે, તારી જોડે.....અંતરમાં શુદ્ધ સ્થાનક ખોળે

હું જાણું....તું પોઢીલે......હું જાણુ તું પોઢીલે

૧. તુજ નહીં, 'તે' જ નહીં, આખો જમાનો, ભળકે બળે.....ત્રિવિધ તાપે

જેમ છે તેમ જોયુ નથી.....અજ્ઞદશાના.....ભાવમરણ ભવોભવના

તરણતારણ....તારે તને......દૃષ્ટિ માત્ર સત સમયની.....અંતરમાં શુદ્ધ...

૨. તારા ત્રિકરણ થકી.....કીંચીતમાત્ર....દુઃખ ન દે કોઇ જીવને

ભાવાતીતમ હુ બેઠો.....જોતો રહ્યો આ અહીંસક મહામીતને

મહાવિદેહે.....આનો સાર છે.....જ્ઞાનીના વચનો નો રણકાર....અંતરમાં...

૩. ઘડીઘડી, ચઢ પડી, વહી રહ્યો 'આ' સંયોગ મુક્ત દશાનો

પર સતે ઉકલતુ દિદર્શન.....સ્વ સતે સ્વાનુભવન

આજ્ઞાપાલનુ 'વચનામૃત'....ખોબે ખોબે તૃપ્તીથી પી તું.....અંતરમાં....

૪. કીંચીતમાત્ર......કોઇ પલે....કલેશીત થવા જેવું......જગ નથી....મારા વીર રે...

તારું માત્ર.....સામે આવ્યું...તારીથી ઉકલે....સામો નથી.....ક્યાયે દોષીત રે

રાઇ માત્ર વધઘટ થાય ના........અંતરમાં.......

૫. નિદિધ્યાસે નાહી લે સો.... મહાપુણ્યોભવી, કૃપા છે આ અખૂટ ધોધની

તારા પુરુષાર્થને હું......પગે લાગુ......અનન્ય પ્રેમથી ભેટું

અભેદીના પ્રેમને નીહાળું.....અંતરમાં.....

૬. ચરણવિધી...દીવ્યચક્ષુ....ચરણાર્વીદમાં, 'મહા હુંફ' મુક્તાનંદમાં

જ્ઞાન પછીની......વિધીના પરીણામો, અલૌક્કિ સ્વ પર્યાયી....

કલ્યાણોનું.......કલ્યાણકારી....અંતરમાં.....

સર્વજ્ઞના સુચરણોમાં ૧૦-૫-૨૦૦૫



## (૧૪) 'મીતવા સે બાતેં'

સુન મેરે મીતવા રે.....સુન મેરે મીતવા,

દર્શન કરના ભૂલ ના જાના....સુન સુન મેરે મીતવા.....ઓ

૧. યે રીશ્તેનાતે તેરે સામને.....હો

યે રીશ્તેનાતે તેરે સામને જો આતે જાતે હૈ

યે મત ભૂલના પ્યારે તેરે હીસાબ કે હી હૈ

બસ ઇતના જાનકે ફીર તું....(૨) નીકાલ કરતે રહેના....રે...સુન મેરે

૨. નીગાહોંકી નીગાહોમે......નીગાહોકી નીગાહોમે

જરા યહ દેખતે જાના.....

કે તેરે ત્રીકરણ સે...કે તેરે મન વચન સે....કીસીકો દુઃખના હોના.....સુન મેરે

૩. યહ તુને પાઇ હે....હો....યહ તુને પાઇ હૈ

પરમાત્મા કી ઇક ઝલક ઐસી,

જહાંસે લૌટ કે જાનેકી જરૂરત હી નહી.....

યહી બેઠે હી બેઠેહી....(૨) અમર પદ પૂર્ણ કર લેના.....સુન મેરે

૪. લબોપે નામ તેરે....હો.....લબોંપે નામ તેરે પૂર્ણ પરમાત્મા કે હો

સજીવન મુર્તીકા યહ લક્ષ હી......છુડાએગા તુજે.....

અપરમપાર કૃપાલું (૨)....કી આંખો મે હી ખો જાના.....સુન

૫. જો તેરે સામને, હો...જો તેરે સામને હૈ ઉનકો પહેચાનલે દીલ સે

યહા સબ પૂછલે સવાલ તેરે જનમજનમ કે.......

અગર ઇતના હી મીલ જાતા (૨) સુદર્શન પા કે જાના રે....સુન

સર્વજ્ઞના સુરણોમાં

૫-૨૨-૦૪

## (૧૫) યે તેરા દીવાનાપન હૈ...

યે તેરા દીવાનાપન હૈ...દ્રવ્ય કરમો કા અસર
તુન પહેચાને તો હે યે...ભાવ કરમો કા કુસુર...યે તેરા દીવાનાપન હૈ
જૈસી દૃષ્ટિ મે ડુબા હો....વૈસા દીખાઇ દે તુજે (૨)
લાખ તુ ચાહે ન ચાહે.....વૈસા કરેગા તુ રે.....યે તેરા દીવાનાપન હૈ....
તેરે કરમો કી ખલીશ યા ઉપવાલેકી રહેમ ! (૨)
વોહ જો કરતા તુ કયા કરતા ? સોચલે ઓ મીત રે...યે તેરા દીવાનાપન હૈ..
મન હી તેરા તન ચલાવે....તન તન તુજકો ભુલાવે (૨)
નીરાલા વોહ દર્શન કરલે..(૨) સબ 'મન મંદીર' સામને રે..યે તેરા દીવાનાપન...
ભીતરવાલે કી પહેચાન....ભીતરવાલા હી જાને (૨)
ભીતરવાલે કા યહ દર્શન (૨) જીવન મુક્તિ કા ગુરૂર....યે તેરા દીવાનાપન હૈ...
મંઝીલ બાહર જાનકે રાહી.....ચલતે ચલતે થક ગયા (૨)
લૌટકે આજા અબ ઓ મીતવા (૨) મૈ હુ તેરા સાથી અમીત...યે તેરા દીવાનાપન....
કૌન તુજે યહ રાહ દીખાએ ? કૌમ તુજે યહા સુલજાએ ?
વીતરાગો શ્રીચરણોમે....'સત' પુરુષકો ઢુંઢલે....યે તેરા દીવાનાપન હૈ..

સર્વજ્ઞના સુચરણોમાં
એપ્રિલ ૭-૨૦૦૪



## (૧૬) સંવેદના-કૃતકૃત્યતા

સર્વ સંયોગમાં ઉપયોગી, સંવેદના, આરાધના, આરાધના
જેના 'નેત્રો' વીતરાગતા, આરાધના, આરાધના....
સંગના સંગમાં ઉપજેલી અસંગતા
પરમ કૃપાના પરીણામની 'આ' ભીન્નતા
કૃતકૃત્યતાના પરમાણું આ પરમાર્થીક....આરાધના...
એક એક શબ્દ જે ભાવોમાં ગુંથાયેલા'તા
કેવી સીદ્ધીથી વહેતા જો મૌન વાણીમાં
નવા શાસ્ત્રો જો રચાયાં હવે નવા યુગના....આરાધના...
અંતરાયોને ઓગાળે એવી પ્રત્યક્ષતા
ભ્રમાંડના કોલાહલની મૂળ મૌનતા.
વિધી જેની ઉપજાવતી આ શુન્યતા.....આરાધના.....
તારી સીદ્ધીના બળે ઝાલી છે તારી શક્તિને
તેથી ખીલતા જોયા તારા આ શબ્દોને
કલ્યાણમાં ગુંથાજો આવા પુષ્પો....આરાધના......
સર્વ સંયોગમાં મારું જ સ્વરૂપ સામે આવ્યું
જેના વીયોગનું કોઇ જ કારણ ના રહ્યું
'સામું' જ સામીપ્યભાવની ભ્રાંતી....આરાધના

## (૧૭) મને વીતરાગ પ્રભુની આસ

મને વીતરાગ પ્રભુની આસ... બાકી બધું પરવાસ,

મને જ્ઞાનીના શબ્દની આણ... બીજું બધું અજ્ઞાન...

કેવો પ્રખર પુરુષ પાક્યો પુરુષાર્થ પ્રગટાવ્યો !

લઘુ થઈ રહે દુનિયામાં... વેદક વચલો રહ્યો... મને વીતરાગટ

દૃષ્ટિ ચરમ ચક્ષુની ફરે... મારી તો દર્શન કરે,

શુભાશુભ વ્યવહારમાં.. નિશ્ચયની શુદ્ધ રહે... મને વીતરાગ...

માનામાનના સ્પંદનોમાં.. અજ્ઞ ફરી આવ્યું !

જગ માર જે ખઈને બેઠો.. તેને પરાયું થયું.. મને વીતરાગ

મોહ વિષયનો માર બધો.. હિસાબ સ્થૂળનો હતો,

સ્વાદસ્વાદની ભટકણો... અભોગી જાણી રહ્યો... મને વીતરાગ

સર્વે સંગી ક્રિયાઓના.. પ્રતિક્રમણો વહી રહ્યાં,

નમી નમીને જીવનસાથી... મોક્ષાર્થી મિત્ર રહ્યાં... મને વીતરાગ

સર્વે સંગી ક્રિયાઓના. પ્રતિક્રમણો વહી રહ્યાં,

નમી નમીને જીવનસાથી... મોક્ષાર્થી મિત્ર રહ્યાં... મને વીતરાગ

દાદા ભગવાન મહીલા મારાં... જાગજો પંચન જીવોમાં,

સત્યમ શીવમ સુંદરમ્ જ્યાં... વીતરાગ મારગ ત્યાં.

ગુરુપૂર્ણિમાં ચિકાગો.. ૨૦-૭-૨૦૦૨



## (૧૮) મેરા સુંદર

મેરા સુંદર સપના બીત ગયા... મે પ્રેમ મે સબ કુછ.

મારું સુંદર સ્વપનું સ્થૂળ થયું,

જેના પ્રેમમાં સર્વ મળી ગયું, એવા અજોડ જ્ઞાની વસી ગયા... મારું

મુક્ત મને સહુ સતસંગમાં.. ભક્તિ તો હતી ભાવ ભરેલી (૨)

એક દૃષ્ટિ એવી પાર પડી પાર પડી (૨)

જુદી થઈ ગઈ તન-મનથી, મારું સુંદર....

ફરતી જો હવે 'આ' પૂતળા સમ, એક માહ્યલાની લીલામાં તો (૨)

તેના રાશમાં.. રંગમાં, તેના રાસ અને સતસંગમાં

ઘેલી તો પણ નિર્દોષ હવે... મારું સુંદર...

હવે બાકી રહ્યું આજ્ઞાપાલન ને સહજ સ્થિતિના સાધન,

આદ્યશક્તિમાં નમન તને નમન તને

માવડી તારી કૃપાથી તો, માયાવી છોડવા મરી રહ્યાં.. મારું સુંદર

૨૧-૯-૨૦૦૫, કોરોના

## (૧૯) 'ભાવોનું વિજ્ઞાન'

ભાવોમાં ઝળકતું આ વિજ્ઞાન
આધ્યાત્મિક આ અજવાળું છે
સ્વપ્રકાશમાં સર્વસ્વ નયે
દુઃખોનું પૂર્ણ સમાધાન છે.... ભાવોમાં

થોડા એવા વીચારો બાકી છે
જે તારા દુઃખના સાથી છે (૨)
ઓછું સુખ તે દુઃખની વ્યાખ્યા
ઓછુ દુઃખ તે સુખની વ્યાખ્યા
બસ હુજ રહ્યો સુખીયો મહીં.... ભાવોમાં

ના તુજસે ગીલા કોઇ હમકો
ના કોઇ શીકાયત દુનિયા સે
દો ચાર કદમ જો મંઝીલ (૨)
ભીતરમે મૈને પાઇ હે..... ભાવો મેં સુલગતા યહ વીગ્યાન
આધ્યાત્મીક એક ઉજાલા હૈ
સ્વપ્રકાશ મે સર્વસ્વ તરહ
દુઃખો કા પૂર્ણ સમાધાન હૈ..... ભાવોમાં

સ્વ પ્રકાશની આ ગહન વાત
તે કોની સત્તામાં ઉપજે ?
ભાવના મારી તો પૂર્ણ છે (૨)
કયા ભાવની અહીંયા ખામી છે ?..... ભાવોમાં

એક 'આ' જ આગ શમી જેની
વીષયરસમાં વીષ સમ જેવી
સુખ દુઃખ ના ભેદો ટળ્યા તેના (૨)
અનંત સિદ્ધિ શરૂ થઇ તેની.... ભાવોમાં

સર્વજ્ઞાના સુચરણોમાં ૧૦-૧૭-૨૦૦૫

## (૨૦) કેવા પુરુષો

કેવા પુરુષો, કેવા વીરલા ! કેવા અનુભવી

સ્વઉપયોગી સ્વ પરીણામી અતી દુર્લભ અહી.... કેવા પુરુષો,

વહી રહ્યો મન વચ કાયાનો, પ્રાકૃતિક સંયોગ

એક પછઈ એક.. સામે આવતું.. આરોપીત પૂતળું !

પૂતળાને પતૂળું કહેનારો શબ્દોમાં જ રહ્યો

પૂતળાને પતૂળું જોનારો શબ્દાતીત થયો.... કેવા પુરુષો

લેપાયમાન....લેપાયમાન...

લેપાયમાન રાગી પુદ્‌ગલ, મેલું તેજ કર્યું (૨)

સાબુ તુજ, કપડુ તુજ, ધોનારો પણ તુ.

સ્વયં સિદ્ધ શુદ્ધિથી, તારું પણ શુદ્ધ થતું

એવું આ અણમોલ રતન, પરમ જ્ઞાની નું....કેવા પુરુષો

સદ્ વ્યવહાર,...શુભ વ્યવહાર...

શુભાશુભની ભ્રાંતિ તુટતા...પ્રગટી શુદ્ધ (૨)

શુદ્ધ વ્યવહારની વ્યાખ્યા જોજો, પંચ આજ્ઞામાં

અહો અહો જ્ઞાની તારા આ મૂળ વાક્યો નો

પૂર્ણતા એ પહોંચી જશે. આધાર આજ રહ્યો.....કેવા પુરુષો



## (૨૧) નીકાલી યોગ

અનંતાનું બંધનનો નીકાલી યોગ સામે આવ્યો
ફરીથી ઝીણવટથી જોઇ, નીકાલીનો નીકાલ થયો
એક ભવનુ વ્યવસ્થિત આ, ફરી ફરી તાલ બાજે નહીં...
માટે પ્રમાદ તજી દઇને, પરમ પુરુષાર્થ શરૂ કરી દે...
અહંમથી ચેતી, અહંમને મૂકી, અહમ કોઇનો દુભાય નહીં.....

જે 'તે' જાણ્યું ને અનુભવીયું'.. તે શબ્દોમાં સમાય નહીં...
ભેદ વિજ્ઞાનીનો આ ભેદ સહજ સમાધિ વતાર્વે
રિયલમાં રહી, રિલેટીવ જો, રિલેટીવથી અલીપ્ત થયો અનંતાનું....

વહી ગયો તે સમયનો સાર, તારી મહીં અકબંધ છે
અનંત દર્શનનુ વર્ણન, શ્રી વીતરાગે કરેલુ છે
ફર્યુ 'તે' શું, બન્યું તે શુ, આ દર્શનથી જોઇને જો....અનંતાનું...

જે ઇચ્છા ઉભી થઇ સામે, તેનું પ્રત્યાખ્યાન બાકી
જે સ્મૃતિ સામે આવી ઉભી, તેનું પ્રતિક્રમણ બાકી
અંતરજા છુટતો મોહી, આજ્ઞાકીત શિષ્ય 'આ' જ ખરો...ફરીથી..

સવાલોના સમાધાની, તે જ્ઞાની પૂર્ણ જ પ્રત્યક્ષ
બીજું કોઇ શોધમાં ભાઇ, કાઢી લે કામ તારું અહીં...
મનુષ્ય ભવનો આ સાર, ફરી ફરી ક્યાયે મળશે નહીં.....અનંતાનું

સર્વજ્ઞના સુચરણોમાં ૪-૮-૦૪

## (૨૨) પદ્મનાભ પ્રભુની પ્રતિષ્ઠા

પદ્મનાભ પ્રભુની પ્રતિષ્ઠા પરમ પરમાણુ પ્રમાણે,
　　પદ પંકજ પરમાર્થે,
પ્રાણોમાં પુરણ પરમ પૂરાણો પ્રીતિ પરમ વિનયની,
　　પદ પંકજે પરમાર્થે..

પલની પ્રવાહી પલની આગાહી,આ આ આ પલની...
ઠાણાંગ સુત્રમાં 'આ' છે સમાણી,
　　વીરના વીર એ જોઈને કહ્યું (૨)

　　તેના આ વીરોની અર્ચના,
　　સ્વના સમયની સંજ્ઞા... પદ્મનાભ..

સમેટી લઈને શિખરે ચઢતાં,　　આ આ આ સમેટી...
મુળ દિપકના દિપકની જયોતમાં,
　　અહો વીતરાગ પ્રભુ તારું આગમ (ન)
　　'પંચમ' પરમેષ્ટિ પૂકારે પૂકારે.. પદ પંકજ પરમાર્થે.. પદ્મનાભ

પરમ વિશુદ્ધિ પરમ દૃષ્ટિની　　આ આ આ પરમ...
　　પર પરમાણુમાં પૂરાવે પ્રાણ,
　　વ્યવસ્થિત જોઈને વ્યવસ્થિત ભાખ્યું (૨)

　　અહો ! વ્યવસ્થિત સામે.. પદ પંકજ પરમાર્થે
આપની હસ્તી આપની સાક્ષી　આ આ આ આપની...
નારક ગતિના દોષોનું દમન,
　　એજ દૃષ્ટિ એજ જ્ઞાન (૨)
　　વીજળીક વેગે તારે, અક્રમ સિદ્ધાલય પ્રવાહે.. પદ્મનાભ
　　　　સર્વજ્ઞના સુરણોમાં, 3.30 AM.-5AM, સીમંધર સીટી, 16-12-06



## (૨૩) દોડી દોડીને જવું.

દોડી દોડીને જવું, જ્ઞાનીના ચરણોમાં,
લઘુમાં લઘુ જેનો વ્યવહાર... દોડી દોડી...

અંતરદાહ અથડામણો ભવોભવની ગુંચામણો,
　　અંતરદાહ.. (૨)
　　એક દૃષ્ટિ એને તોડે... દોડી દોડી...

મન ના દુઃખો, તનના કષ્ટો, વાણી ના ઘાને કયાંથી રૂઝવશો ?
　　મનના દુઃખો... (૨)
　　સમદૃષ્ટિ ત્રણને જુએ.. દોડી દોડી...

ભાવમરણ 'આ' ભવોભવનું, ભાવદયા આ ભવમાત્રની,
　　ભાવમરણ... (૨)
　　સજીવનની 'સંજીવની'... દોડી દોડી...

ચરણરજ આ 'પાપણ' સ્પર્શે, પાપ ધોવાતા અલઘુ પ્રગટે,
　　ચરણરજ આ... (૨)
　　મહીંથી તેડે, અનયની, દોડી દોડી..

સર્વજ્ઞના સુચરણોમાં
Nov 15, 2006
Corona Hills Ca.

રાગ :- જાયે તો જાયે કહા, સમજે ગા કૌન યહાઁ, દર્દ ભરે દીલ કી દુવા...

## (૨૪) શુદ્ધ દૃષ્ટિ

શુદ્ધ દૃષ્ટિ ને આજ્ઞાનુ પાલન હો,
લૌકિક અને અલૌકિકમાં,
કોઈ કાળે આ દર્શન ફરે નહીં,
એક જ્ઞાની સુચરણોની રજ રજમાં....શુદ્ધ દૃષ્ટિ

બહુ ઘુમ્યો છુ લૌકિક ક્ષેત્રોમાં,
બહુ તપ્યો છું તન મન તપોમાં,
બહુ ગુંચાયો સંસારી જાળોમાં,
એક સ્થિર ક્ષેત્રે પહોંચીને (૨)
વીતરાગ અંગુઠે મસ્તક મુક્યું.....શુદ્ધ દૃષ્ટિ

વીધી બીધી કશું હું જાણું નહીં,
ચિત્ત શુદ્ધી કયા હું જાણુ નહી,
મન અંકુશ પરમાર્થ જાણુ નહી,
ઊંચુ જોતા જ જોયુ મે એક જ ત્યાં (૨)
અસીમ અમી એમની આંખોમાં....શુદ્ધ દૃષ્ટિ

શું ખોળતો તો એ જાણુ નહી,
શું કરતો તો એ જાણુ નહી,
શું બોલતો તો એ ‘ભોન’ નહી,
‘‘આ મન વચ કાયા તારા નથી’’ (૨)
ભાવદીક્ષા એ મુક્તિ ભેદવિજ્ઞાન...શુદ્ધ દૃષ્ટિ



સ્પંદનો કોલાહલ મન બુદ્ધિના,
બ્રહ્મા વિષ્ણુ ને મહેનશના,
બ્રહ્મ ભ્રમીત ભ્રમંણાની ભરહાડ ના,
અહો મૂળ દર્શન નુ વર્ણન શું ? (૨)
જેને જોયું તેનું જ માત્ર રહ્યુ.....શુદ્ધ દૃષ્ટિ

સજીવન મૂર્તિનુ ‘આ’ મૂળ લક્ષ,
કળીયુગમાં કેવળીની સજ્ઞાન શુદ્ધ પ્રેમીની એક ખટપટનું,
એવા પ્રત્યક્ષ જ્ઞાની ની શક્તિ ને,
અનન્ય સમર્પિત મહીલુ રહ્યું....શુદ્ધ દૃષ્ટિ

સર્વજ્ઞના સુચરણોમાં સીમંધર સીટી ૦૪-૦૨-૦૬

## (૨૫) રોમે રોમમાં વસતા પ્રભુની

રોમે રોમમાં વસતા પ્રભુની, આરાધના આ મહીંલી
આરાધના આ મહીંલી

શ્વાસે શ્વાસે, સુક્ષ્મ નિદિધ્યાસે,
નિલીપ્તતા આ મહીંલી,
આરાધના આ મહીંલી,
અજોડ સુરનો આ અંતરનાદ.. હા (૨)

બ્રહ્માંડી શક્તિઓ ભેદી પુરાવો,
સીમ સીમ સીમ સીમ મન જોયું ડોલતું (૨)
'સી' મન ધર્યું જેને ચરણે,
સીમંધરા ના શરણે... રોમે રોમમાં...
આઠમા ભાગની મહીંલી સમૃદ્ધિ... હા (૨)

સહેજે વહાવે નિરીચ્છક સમાધિ,
તન તને વંદુ, મન તને વંદુ (૨)
વાણી વાણીને વંદે, સીમંધરી સ્વ દર્શને.. રોમે રોમમાં...
રગ રગમાં વહેતુ દાદાઈ દર્શન... હા (૨)

સામાયિક આ સમય સારનું,
'મા' તારી શક્તિનો પ્રકટ અનુભવ (૨)
રાગ સ્વરૂપ સમજાવે,
વીતરાગ પંથ વહાવે... રોમે રોમમાં...

રાગઃ- સૂન સખી મોરી સજના બુલાએ...



## (૨૬) તારી આ જુની માન્યતા ની ભટકણ

તારી આ જુની માન્યતા ની ભટકણ, હવે જો જે ઉકલતી ગુંચોને અટકણ
જેમ અજ્ઞ વીખરતા વાદળો વિનાશી, સ્વ પ્રજ્ઞ પ્રકાશમાં ચોખ્ખું આ દર્શન...

તારા આ અહંમ થકી, માર મે બહુ ખાધો,
તારી આ હઠોમાં જગતમાં ફસાયો,

હવે ભાન થતા, હું ત્યાંથી જ ખસ્યો,
સહજ નિયમ, 'તારો', સહજમાંજ જાણ્યો... તારી આ

તારી આજ આવડત, તારી ડખો બુદ્ધિ,
તારો આ તિરસ્કારમાં છુપી માન વૃત્તિ,

માના માનના સ્પંદનો.. પરપોટા માત્ર,
સ્વંય સુખ દરિયો, અ-માની સ્વરૂપ... તારી આ...

તારા અભિપ્રાયો, તારું જ આ દર્શન,
નવા આ નેત્રે, ખુલતું આ દર્શન,

એક એક સંયોગમાં, સામે જ ભગવાન,
એક એક ઉપકારી, એક એક અરીસો... તારી આ...

સવર્જ્ઞના સુચરણોમાં

4-11-06, Corona

રાગઃ- તુમ્હે જીંદગી હે ઉજાલે મુબારક...

## (૨૭) આપ્તવાણી જે ખુલી પ્રત્યક્ષ સરસ્વતી રૂપ

જન્મ જયંતી - નવેમ્બર - ૪ - ૨૦૦૬

આપ્તવાણી જે ખુલી પ્રત્યક્ષ સરસ્વતી રૂપે,
અનન્ય આગમ જ્ઞાનાર્કે ઝરે,
વિરહો રાધાનો જ્યેમ કૃષ્ણથી જ હરે,
ભવોભવની ભટકામણ સહજે ટળે,

આપ્તપુરુષની જે વાણી, કળી કાળે ખુલી,
તેવા તરણ તારણની જયંતી જ નવી,
જેના શબ્દે શબ્દ મહીંથી મુક્ત રાખે,
એવો જન્મ તો ન ભૂતો ન ભવિષ્યતી અહીં... આપ્ત...

જેને સ્પર્શયા છે આ હાથોથી બાહ્યાંતરમાં,
જેને સેવ્યા છે આ ભાવોથી રગા રગમાં,
જેની નિષ્કારણ કરૂણાનું પ્રમાણ અહો અહો,
તેની પ્રત્યક્ષ ચરણરજના પરમાણું વહો... આપ્ત...

દિવ્ય દૃષ્ટિ જેની ફેલાવે માત્ર ધર્મધ્યાન,
સહજ રાખે તેને આવું આ એક શુકલધ્યાન,
આર્તરૌદ્ર ધ્યાન તો માત્ર હવે સ્વપ્ન સમાન,
એવા આ જ્ઞાનીની પ્રત્યક્ષ વિધિનું છે પ્રમાણ... આપ્ત...

આપની સાક્ષીએ આજે આ ભાવો મૂકું,
જેનાથી દુર છું તેને મહીંથી હું નમું,
જેને વ્યવહારમાં કિંચીંત દોષિત જોયો,
તેના માંહ્યલાને નમન કરી હું માફી માંગુ... આપ્ત...



અંતરસ્નાનની આવી આ અજોડ શુદ્ધિ,
પરમાત્મા સ્વરૂપનું આવું દર્શન,
કોટ ટોપી ધોતિયું ફુલહાર આ FULL હાર્યાને,
અજન્મા જન્મની જનમ જયંતિ જેની... આપ્ત..

રાગ : દો સીતારો કા જમી પર હૈ મીલન....

## (૨૮) આરાધના તીર્થંકરોની

આરાધના તીર્થંકરોની, અવશ્ય મોક્ષ ઉપાય;
ત્રણે કાળના તીર્થંકરો, ત્રિમંદિરીયે સોહાય !

પ્રત્યક્ષ દાદા ભગવાન સાક્ષીએ દર્શન;
ત્રણે લોકના જીવોનું, અનુપમ મુક્તિ સાધન !

એક ચોવીશીના તીર્થંકરને, ભાવભીનું નમન;
પહોંચે અનંત ચોવીશીને, જ્ઞાનીનું એ કથન !

ભૂત, ભાવિ ને વર્તમાન, વીર પદ્મ-સીમંધર;
બ્રહ્માંડી કલ્યાણરૂપ, જ્ઞાન વચન ભરપૂર !

જ્ઞાનીની દ્રષ્ટિ અતિ ગહન, વચન સિદ્ધ સાક્ષાત;
નમસ્કાર પૂર્ણભાવથી, પહોંચે ધ્યેયે અબાધ !

*ભૂતકાળના તીર્થંકરો વિશે....*

તેથી ભૂત ચોવીશીના મહાવીરને નમન;
સિદ્ધક્ષેત્રનું લક્ષ સ્થાપી, દૈવી કૃપાથી સધાય !

સમસ્ત આ સંસારમાં, તીર્થંકર નાયકરૂપ;
તે આરાધતા આરાધ્યું, માત્ર મોક્ષ સ્વરૂપ !

પ્રત્યક્ષ જ્ઞાની કૃપા વિના, વીતરાગ દર્શન ના થાય;
વીતરાગ દર્શન વિના, મોક્ષના કોઈનો થાય !

ભાવિ તીર્થંકર વિશે....

પદ્‌મપ્રભુ અહો આપ, પહેલા ભાવિ તીર્થંકર;
જ્ઞાની વિહોણા જીવો, સેવશે ત્રિમંદિરમાંય !

ભાવબીજના પરમપૂરક, પરમાણુથી પુગે;
કોઈક જન્મે ઉગતા પ્રત્યક્ષ આપને પામે !

ચોવીસી ભવિષ્યની, કોટી જન તારક;
આદિ પદ્‌મનાભ પ્રભુ, ‘જ્ઞાની’ સ્થાપે આજ !

તે કાજે હે પરમ પ્રભુ, સાષ્ટાંગી પ્રણામ;
પ્રતિષ્ઠક વિશુદ્ધ પરમાણુ ત્રિમંદિરે મુકામ !

*વર્તમાન તીર્થંકર વિશે...*

વર્તમાન તીર્થંકરના, દર્શનથી છે મોક્ષ;
તેના મૂળભૂત ભોમીયા, ‘દાદા ભગવાન’ નામ !

પ્રત્યક્ષ જ્ઞાની કને, અવશ્ય આત્મજ્ઞાન સુલભ;
જ્ઞાની આજ્ઞા પાળતા, મહાવિદેહથી મોક્ષ !

સીમંધર પ્રભુનું મીશન, ચાલુ ધમધોકાર;
અનંત શક્તિઓ મહીંથી સ્ફુરે, કળિકાળમાં ઉદ્ધાર !

ભૂત ચોવીસીના શાસન દેવે, સિદ્ધિ સ્ફૂરે આજ;
જીવમાત્રનું કલ્યાણ થવા, તેમાં કરે સહાય !

એમ ત્રિકાળી તીર્થંકરો, ભરતક્ષેત્રી તારે;
નિષ્પક્ષપાતી ધર્મ માત્ર, વિશ્વશાંતિ સ્થાપે !

એવો મુક્તિનો માર્ગ માત્ર, કોટી વર્ષો રહે;
તેને કાજે પદ્‌મ પ્રભુ આજ, દ્યો પ્રોમીસ હવે !

સર્વજ્ઞના સુચરણોમાં     ૧૨-૨-૨૦૦૬
અડાલજ મૂળ ભૂમિ

## (૨૯) જાગૃતિ સ્વભાને આ સુન

### 'જાગૃતિ'

જાગૃતિ સ્વભાને આ સુન... તારી દુનિયાના વહેતા દિન
'મારી' શક્તિ આધારે ખીલ્યા... જાગૃતિ...

લઘુતમતાથી ખીલતું આ મહીલું સ્વરૂપ,
જેની સંવેદના માત્ર 'મારું' જ સુખ...
એવા ઉપયોગથી, એવી દૃષ્ટિ જથી, અહંમ વિલયથી
સિદ્ધિ વધતી તેને હવે જાણ... જાગૃતિ...

સુક્ષ્મ હિંસાના ભાવોને હવે તુ જાણ,
જેના પારિણામમાં તર્યું છે જ્ઞાન,
સહજ પ્રતિક્રમણ, સહજ પ્રત્યાખ્યાન, સહજ મુક્તતાની
સ્વનુભૂતિ વધતી તેને જાણ... જાગૃતિ...

જેમ મહીંલું ખુલે તેમ પ્રેમ વધે,
ત્યાં લૌકિક વિઘ્નો સહેજે ટળે...
અભોગી જોયો, અયોગી જોયો, માત્ર સ્વ સંગીનો
એવા પૂર્ણતાનું વિજ્ઞાન... જાગૃતિ...

સર્વજ્ઞના સુચરણોમાં

સીમંધર સીટી 3-4-06 એપ્રિલ

રાગઃ- જીંદગી દેનેવાલે સૂન, તેરી દુનિયા સે જી ભર ગયા...



## (૩૦) પદ્મનાભ પ્રભુની પ્રતિષ્ઠા

પદ્મનાભ પ્રભુની પ્રતિષ્ઠા પરમ પરમાણુ પ્રમાણે,
પદ પંકજ પરમાર્થે,
પ્રાણોમાં પુરણ પરમ પૂરાણો પ્રીતિ પરમ વિનયની,
પદ પંકજે પરમાર્થે..

પલની પ્રવાહી પલની આગાહી,આ આ આ પલની...
ઠાણાંગ સુત્રમાં 'આ' છે સમાણી,
વીરના વીર એ જોઇને કહ્યું (૨)

તેના આ વીરોની અર્ચના,
સ્વના સમયની સંજ્ઞા... પદ્મનાભ..

સમેટી લઇને શિખરે ચઢતાં, આ આ આ સમેટી...
મુળ દિપકના દિપકની જયોતમાં,
અહો વીતરાગ પ્રભુ તારું આગમ (ન)
'પંચમ' પરમેષ્ટિ પૂકારે પૂકારે.. પદ પંકજ પરમાર્થે.. પદ્મનાભ

પરમ વિશુદ્ધિ પરમ દૃષ્ટિની આ આ આ પરમ...
પર પરમાણુમાં પૂરાવે પ્રાણ,
વ્યવસ્થિત જોઇને વ્યવસ્થિત ભાખ્યું (૨)

અહો ! વ્યવસ્થિત સામે.. પદ પંકજ પરમાર્થે
આપની હસ્તી આપની સાક્ષી આ આ આ આપની...
નારક ગતિના દોષોનું દમન,
એજ દૃષ્ટિ એજ જ્ઞાન (૨)
વીજળીક વેગે તારે, અક્રમ સિદ્ધાલય પ્રવાહે.. પદ્મનાભ

સર્વજ્ઞના સુરણોમાં

## (૩૧) દોડી દોડીને જવું,

દોડી દોડીને જવું, જ્ઞાનીના ચરણોમાં,
લઘુમાં લઘુ જેનો વ્યવહાર... દોડી દોડી...

અંતરદાહ અથડામણો ભવોભવની ગુંચામણો,
અંતરદાહ.. (૨)
એક દૃષ્ટિ એને તોડે... દોડી દોડી...

મન ના દુઃખો, તનના કષ્ટો, વાણી ના ઘાને કયાંથી રૂઝવશો ?
મનના દુઃખો... (૨)
સમદૃષ્ટિ ત્રણને જુએ.. દોડી દોડી...

ભાવમરણ ‘આ’ ભવોભવનું, ભાવદયા આ ભવમાત્રની,
ભાવમરણ... (૨)
સજીવનની ‘સંજીવની’... દોડી દોડી...

ચરણરજ આ ‘પાપણ’ સ્પર્શે, પાપ ધોવાતા અલઘુ પ્રગટે,
ચરણરજ આ... (૨)
મહીંથી તેડે, અનયની, દોડી દોડી..

રાગ :- જાયે તો જાયે કહા, સમજે ગા કૌન યહાઁ, દર્દ ભરે દીલ કી દુવા...



## (૩૨) સ્તુતિ

વંદુ શુદ્ધ ભાવથી પરમ જ્ઞાનીને,
જેણે આપ્યું નિજ ભાન,
વંદુ આપ્તમાતા વાત્સલ્યમૂર્તિને,
જેણે ફેલાવ્યું આ જ્ઞાન...
વંદુ કલ્યાણમૂર્તિ દિપકભાઈને,
જે ફેલાવે આ માર્ગ,
અક્રમ વિજ્ઞાન લીંકમાં,
મુક્ત જ્ઞાની હયાત,
ભાઈ ‘પ્રત્યક્ષ’ વિના નહીં મુક્તિ, (૨)
પુસ્તક, પંડિતો ગયા...
ખોળી લેજો (૨) આવી મળો, અમારા જ્ઞાનીને...

## (૩૩) સા રે ગ મ પ ધ ની

સા રે ગ મ પ ધ ની
ની સા રે ગ મ
રે ગ મ પ ધ ની સા
સા રે ગ મ પ

સારા સારા વિચારો, સારી સારી વાતો,
સારા સારા કામો કરવાના છે.
અમારાથી મોટા તમે, તમને નમીને,
ચરણે તમારે અમે, આવું માંગીએ છીએ... સારા સારા

**બાળક - સારો વિચાર એટલે શું ?**
**આપ્તપુત્ર - મનમાં ન વીચરવું તે**
**બીજો આપ્તપુત્ર - બેસને ભઇલા, આ બાળકોનું છે**

જેનાથી સુખ રહે, સારો તે કહેવાય (૨)
જેનાથી દુઃખ રહે, ખોટો તે કહેવાય... સારા સારા

**બાળક - સારી વાત એટલે શું ?**
**આપ્તપુત્ર - ત્રિમંદિરો વધે તે.**
**બીજો આપ્તપુત્ર - બેસને ભઇલા, આ બાળકોનું છે.**

જ્ઞાનીઓની વાતો, સારી તે કહેવાય (૨)
બીજી બધી વાતો, 'મારી' 'તારી' થાય... સારા સારા



**બાળક - સારું કામ એટલે શું ?**
**આપ્તપુત્ર - જગત કલ્યાણ,**
**બીજો આપ્તપુત્ર - બેસને ભઇલા, આ બાળકોનું છે.**

અંદરનું સાફ કરવું, સારું કામ કહેવાય (૨)
બીજું બધું કામ પછી, એની મેળે થાય... સારા સારા

**બાળક - અંદરનું કેવી રીતે સાફ કરવું ?**
**આપ્તપુત્ર - હવે હું નથી બોલવાનો.**
**બીજો આપ્તપુત્ર - હવે કંઇક શીખ્યો.**

મને માફ કરો, એવું તરત બોલાય (૨)
અંદરવાળા ભગવાન, રાજી રાજી થાય... સારા સારા

## (૩૪) ...પૂકારી પૂકારી

પૂકારી પૂકારી, માંગુ હું સ્વામી, સ્વીકારી લ્યો ભક્તિ પ્રત્યક્ષતાની
આજ્ઞા ધરમમાં પ્રવેશ પામી,
પ્યાસી રહ્યો હવે છેલ્લી કૃપાની... પૂકારી પૂકારી....
મહીલી ઊંઘ ઊડી, તારા વિરહમાં મહીંથી આપ ખેંચો, લગની રગમાં,
આવી રહ્યા દીવસો સર્વસ્વ પ્રભુના, હૃદયની ધડકણ ગણતી રીતમાં,
વર્તમાની પળો (પલો) અહંમ વિલય કાજે,
એજ ભક્તિ એજ શક્તિ,... પૂકારી પૂકારી...
તીર્થંધામમાં મસ્તક મૂકતા, રણકાર વાગે તારી વાટની દોરના,
અહંમ અથડામણમાં થાકેલો રાહી, રાહજ જુએ માત્ર શુન્યતાની,
છેલ્લુ દર્શન નયનો મળતા,
અહો અહો સ્વામી સીમંધરના,... પૂકારી પૂકારી
અજોડ એવા મારા પરમ જ્ઞાની, દાદા નામે રહેતા રાહી,
વીનય ના કાચા, પાત્ર અધુરા, ડગલે પગલે ભુલો ભરેલાં,
કરવાથી કાંઈ ના સુધરે એ જ જાણું,
બાકી રહ્યું તે આપ જ જાણો,... પૂકારી પૂકારી
વીતરાગ મારાં કરોડો ના સ્વામી, ખુટતું તે પુરજો કલ્યાણકારી,
સંગમેશ્વરની દેશના પામી, સહેજે આવી રહ્યો ત્યાં હું સ્વામી,
અનન્ય ભાવાનું ઘડાતું 'આ' પુતળું,
તારા જ શરણે લગની જ તારી,... પૂકારી પૂકારી

સર્વજ્ઞના સુચરણોમાં.. કોરોના કેલીફોર્નીયા



## (૩૫) તારા દર્શનનો આ સાર

તારા દર્શનનો આ સાર, તારી દૃષ્ટિનો આ સાથ,
અનંતા અનેકથી એક રહ્યું, અહો ! પ્રત્યક્ષ તારણહાર (૨)
તારી આંખની અમી અમે જ્ઞાની નેત્રે જોઈ,
તારા સ્પર્શની ઝાંખી તેમને અંગૂઠે જ થઈ (૨)
મારા શ્વાસોના આધાર, તારી શક્તિનો આ સાથ,
આ ક્ષેત્રના કાર્યમાં વહો અપવાદ... મારા પ્રત્યક્ષ તારણહાર
એક સ્પર્શ આવો અહો ગજબનો કેવો,
પત્થરથી પત્થર પીગળે એવો (૨)
કોટી ભાવોથી ઘડતા, જેને આપને 'જોયા',
તેની નવ કલમોમાં આપ બેઠા... મારા પ્રત્યક્ષ તારણહાર
કીલ કીલ કીલ્લોલ કરતા બાળકો દોડે,
પ્રભુ આપની પાસે 'આપ' ખોળે,
નમન 'ન' મનનો આ સાર (૨)
સ્પષ્ટ નમનથી સાધાર,
તે તો જ્ઞાની વિધિ વિના અતિ દુર્લભ... મારા પ્રત્યક્ષ તારણહાર
ભાવાતી તમ ને ભાવ ભેટે,
ભવોભવની ભ્રમણા ભાંગે (૨)
ભ્રાંતિમય સૌ ભૂલ, રહી સહી જે છે ધુળ,
ખંખેરી ખંખેરીને, સ્પષ્ટ જુએ... મારા પ્રત્યક્ષ તારણહાર
રાગ : તેરે ફુલો સે ભી પ્યાર, તેરે કાંટો સે ભી પ્યાર

૧-૨૦-૦૭ પ્રભુની સમક્ષ, સુચરણોમાં

## (૩૬) અક્રમ વિજ્ઞાનની આ ગાડી

અક્રમ વિજ્ઞાનની આ ગાડી જો,
દાદાની સુપર-ડુપર ટ્રેઈન જો,
કેવી દોડી દોડી જાય.
છુક છુક છુક છુક... કેવી દોડી દોડી જાય...
મોક્ષે સૌને લઈ જાય...

આ ગાડીમાં ડબ્બા ઘણા,
જેટલા જોડવા હોય તેટલા જોડાય એવા,
એના એન્જીનમાં પાવર ગજબ,
મૂળ શક્તિ એનું મૂળ ફ્યુઅલ,
દાદા ભગવાનની મૂળ ડીઝાઈન,
વીતરાગ પ્રતીનિધી ગાર્ડીયન,
જુઓ કેવી તે દોડે, અહો કેવી તે દોડે...

આ ગાડીમાં ભઈ બધું છે વધું,
ત્રણે કલાસના ડબ્બા તમારા જ છે,
A/Cમાં બેઠા બધું જ અહીં,
ભેળસેળીયુ હવે ખપે નહીં,
જેને જોતા આવડે, તેને ખાતા આવડે,
જુઓ કેવી તે દોડે, અહો કેવી તે દોડે...



ફર્સ્ટ ક્લાસમાં પુરુષાર્થ આજ્ઞાવાળા,
બીજા ક્લાસમાં પ્રતિક્રમણ સામાયિકવાળા,
ત્રીજા ક્લાસમાં જયકારા કિર્તનવાળા,
લોભી આઘાપાછા થાય, ચંચળ આઘાપાછા થાય,
જુઓ કેવી તે દોડે, અહો કેવી તે દોડે...

રાગ : આજ્ઞા ધરમનો આ મારગ

## (૩૭) જ્ઞાનીની છાયામાં બાળકો ખીલે

જ્ઞાનીની છાયામાં બાળકો ખીલે,
મનભાવન વાતાવરણ અંદર બહાર ખીલે... જ્ઞાનીની છાયામાં
(૧) સારો પ્રેમ જેણે એક પલ પણ ચાખ્યો,
તેને માટે મુક્તિનો દ્વાર છે ખૂલ્યો, (૨)
એવા મુક્તિધામમાં અમ બાળકો આવ્યા,
પૂર્ણ નિઃશંક દશામાં સહેજે ખીલ્યા... જ્ઞાનીની
(૨) અહીં આવીને અહીં રહીને એક પ્રેમને જોયો,
જેના શીક્ષણમાં જેના તારણમાં કોઈ ઘાટ ના જોયો. (૨)
એવા આ સીટીમાં અમે બાળકો આવ્યા,
જ્ઞાનીના વાત્સલ્યની ધારામાં નાહ્યા... જ્ઞાનીની
(૩) મોટા થઈને 'મોટું થવું' અમને ના ગમે,
મોટા થઈને 'નાના રહેવું' અમને બહુ ગમે. (૨)
એવું જેણે શીખવાડીયું દાદાના ચરણે,
તેમને નિરંતર નમીએ અમે... જ્ઞાનીની છાયામાં
રાગ : નાના નાના બાળકોની છુક છુક ગાડી જાય...
**૧-૨૧-૦૦૭**



## (૩૮) નીરખીને નૌયૌવના લેશના વિષય નિદાન

**નીરખીને નૌયૌવના લેશના વિષય નીદાન**
**ત્રણ ભાગની પુતળીમાં બેઠા છે ભગવાન...**
**આ સઘડા સંસારની રમણી નાયકરૂપ**
**એ જાણી જાણ્યું બધું કેવળ શોકસ્વરૂપ**
**એક વીષયને જીતતા જીત્યો સૌ સંસાર**
**નૃપતી જીતતા જીતીયે દળપુર ને અધીકાર**
**વીષયરૂપ અંકુરથી ટળે જ્ઞાનને ધ્યાન**
**લેસ મદીરા પાનથી છાંકે જ્યમ અજ્ઞાન**
**અક્રમજ્ઞાન વીશુદ્ધથી, ધરે શીયળ સુખદાઈ**
**ભવ તેનો લવ પછી રહે તત્વ વચન એ ભાઈ**
**સુંદર શીયળ સુરતરુ મન વાણીને દેહ**
**જે નરનારી સેવશે અનુપમ ફળ લે તેહ**
**જ્ઞાન વીના વસ્તુ ન રહે આજ્ઞામાં વિજ્ઞાન**
**મુક્તિમાર્ગ સેવો સદા બ્રહ્મચર્ય મતીમાન**
**'તેના'જ સુરણોમાં**

## (૩૯) મને કોઇ સુખ આપે તો મને બહુ ગમે

મને કોઇ સુખ આપે તો મને બહુ ગમે,
કેમ કરીને કોઇને સુખ આપું ?
મને કોઇ દુઃખ આપે તો મને ના ગમે,
તો હું કેમ કોઇને દુઃખ આપું ? (૨)
હો ઓ ભાઇ બહેન માતા પિતામાં,
ગુરુ-શિષ્ય સખા સખીઓમાં,
સ્વયં મારા જેવા વસ્યા છે,
જેને સુખ દુઃખની લાગણી છે.
કોઇને કિંચિત દુઃખ ના દેવું, એવું મને બહુ ગમે...
હો તન તન તન તન આ તનડું,
મન મન મન મન આ મનડું,
બેઉને હલાવતું આ 'ભાવ'ડું,
બેઉને નચાવતું આ બોલડું,
કોઇને કિંચિત દુઃખ ના દેવું, એવું મને બહુ ગમે...
હો રોજ સૂતા પહેલા જાગું,
જાગીને 'જોઉં' ક્યાં હું ભૂલ્યો,
કોને કોને દુઃખ દીધું,
કોને મને દુઃખ આપ્યું,
તે સૌની માફી માંગુ, એવું મને બહુ ગમે...

૧-૨૧-૦૭ સુચરણોમાં



## ( ३९ ) मने कोई सुख आपे तो मने बहु गमे

मने कोई सुख आपे तो मने बहु गमे,
केम करीने कोईने सुख आपुं?
मने कोई दु:ख आपे तो मने ना गमे,
तो हुँ केम कोईने दु:ख आपुं? (2)
हो ओ भाई-बहेन, माता-पितामां,
गुरु-शिष्य, सखा-सखीओमां,
स्वयं मारा जेवा वस्या छे,
जेने सुख-दु:खनी लागणी छे,
कोईने किंचित दु:ख ना देवुं, ऐवुं मने बहु गमे...
हो तन तन तन तन आ तनडुं,
मन मन मन मन आ मनडुं,
बेउने हलावतुं आ 'भाव'डुं,
बेउने नचावतुं आ बोलडुं,
कोईने किंचित दु:ख ना देवुं, ऐवुं मने बहु गमे...
हो रोज सूता पहेला जागुं,
जागीने जोउ क्यां हुँ भूल्यो,
कोने कोने दु:ख दीधुं,
कोने मने दु:ख आप्युं,
ते सौनी माफी मांगु, ऐवुं मने बहु गमे...

१-२१-०७ सुचरणोमां

## (૪૦) ઢમ ઢમ ઢમ, છમ છમ છમ

ઢમ ઢમ ઢમ, છમ છમ છમ (૨)

ઢમ ઢમ ઢમ ઢમક, છમ છમ છમ છમક,

હો... હોઓ, હો... હોઓ

ઢમ ઢમક છમ છમક, ઢમ ઢમક છમ છમક,

દાદાને આંગણીએ રમતાં રે, ફરતાં રે,

દાદાને આંગણીએ ભણતાં રે, ઉગતા રે,

હો મારા હૈયામાં જ્ઞાની-પ્રેમ વસે,

જ્ઞાની પ્રેમ વસે... ઢમ ઢમ ઢમ ઢમક...

વહેલો ઉઠી સ્નાના કરતા, મહીંલા દાદાને નમું,

ગુરુકુલમાં ભઇ બહેનામાં મહીંલા દાદાને નમું,

હો મને શીખવાડે તેને સદા નમું... ઢમ ઢમ ઢમ ઢમક...

ભાઇ બહેનોની આંખોમાં જોતા, દાદાના પ્રેમને જોઉં,

સેવાનું મૂલ્ય કેવું ગજબનું, સેવામાં કરી અનુભવું,

સેવા કરે તેને હું નમું... ઢમ ઢમ ઢમ ઢમક...

સાંજ પડતા ત્રિમંદિરમાં 'દાદા'ના ગુણલા ગાઉં,

શબ્દે શબ્દ અનુભવવા અંદર આરતી ગાઉં,

વીતરાગોના પંથ વહુ... ઢમ ઢમ ઢમ ઢમક...

Print 28-1-07


## ( ४० ) ढम ढम ढम, छम छम छम

ढम ढम ढम, छम छम छम (2)

ढम ढम ढम ढमक, छम छम छम छमक...

हो... होओ, हो... होओ...

ढम ढमक छम छमक, ढम ढमक छम छमक...

दादाने आंगणीऐ रमतां रे, फरता रे,

दादाने आंगणीऐ भणतां रे, उगता रे,

हो मारा हैयामां ज्ञानी-प्रेम वसे,

ज्ञानी प्रेम वसे... ढम ढम ढम ढमक...

वहेलो उठी स्नान करता, महींला दादाने मनुं,

गुरुकुलमां भई बहेनामां महींला दादाने नमु,

हो मने शीखवाडे तेने सदा नमुं... ढम ढम ढम ढमक

भाई बहेनोनी आंखोमां जोता, दादाना प्रेमने जोउ,

सेवानुं मूल्य केवुं गजबनुं, सेवामां करी अनुभवुं,

सेवा करे तेने हुं नमुं... ढम ढम ढम ढमक...

सांज पडता त्रिमंदीरमां "दादा" ना गुणला गाउं,

शब्दे शब्द अनुभववा अंदर आरती गाउं,

वीतरागोना पंथ वहु... ढम ढम ढम ढमक...

Print 28-1-07

## (૪૧) સ્વામી હો સ્વામી, સીમંધર સ્વામી

સ્વામી હો સ્વામી, સીમંધર સ્વામી, (૨)
કળિયુગી જીવોને તારે મારા સ્વામી,
સ્વામી હો સ્વામી, સીમંધર સ્વામી. (૨)
કામીને ક્રોધી, લોભી ને કપટી,
સહુને સમાનતાથી તારે મારા સ્વામી. સ્વામી...
નાનાને મોટા, વૃદ્ધને માંદા,
માર ખાઇ જગનો, આવી તમને નમતા. સ્વામી...
કલ્યાણના દાતા, એવા મારા દાદા,
મોક્ષનું જ્ઞાન આપે, ત્રિમંદિરોમાં. સ્વામી...
અમે નાના બાળ ભૂલકા, તારા છે બાળ,
અમારા હ્રદયમાં વસો, વીતરાગ આપ. સ્વામી...
અમારી આ શુદ્ધ દૃષ્ટિ, આપની કૃપા થકી,
સહુને નમન કરી, મહીંથી ઊગી રહી. સ્વામી...
અહો અહો સ્વામી, સીમંધર સ્વામી,
મહીંથી જ વસી ઊગો સીમંધર સ્વામી,
ત્રિમંદિરમાં શોભે મારા સ્વામી. સ્વામી...
સ્વામી હો સ્વામી સીમંધર સ્વામી
ત્રિમંદિરમાં શોભે મારા સ્વામી, સ્વામી...

૧-૨૧-૦૭



## (૪૨) તારા દર્શનનો આ સાર, તારી દૃષ્ટિનો આ સાથ

તારા દર્શનનો આ સાર, તારી દૃષ્ટિનો આ સાથ
અનંતાઅનેકથી એક રહ્યું, અહો પ્રત્યક્ષ તારણહાર (૨)
તારી આંખની અમી અમે જ્ઞાની નેત્રે જોઇ
તારા સ્પર્શની ઝાંબી તેમને અંગુઠે જ થઇ (૨)
મારા શ્વાસોના આધાર
તારી શક્તિનો આ સાથ,
આ ક્ષેત્રના કાર્યમાં વહો અપવાદ... મારા પ્રત્યક્ષ તારણહાર
એક સ્પર્શ આવો અહો ગજબનો કેવો
પત્થરથી પત્થર પીગળે એવો (૨)
કોટી ભાવોથી ઘડતા, જેને આપને 'જોયા'
તેની નવ કલમોમાં આપ બેઠા... મારા પ્રત્યક્ષ તારણહાર
કીલ કીલ કીલ્લોલ કરતા બાળકો દોડે
પ્રભુ આપની પાસે 'આપ' ખોળે
નમન 'ન' મન નો આ સાર (૨)
સ્પષ્ટ નમનથી સાધાર
તેતો જ્ઞાની વિધી વીના અતી દુલર્ભ... મારા પ્રત્યક્ષ તારણહાર
ભાવાતીતમને ભાવ ભેટે
ભવોભવની ભ્રમણાં ભાંગે (૨)
ભ્રાંતીમય સૌ ભૂલ, જાગેલાની છે આ ધુળ
ખંખેરી ખંખેરીને, સ્પષ્ટ 'જુએ'... મારા પ્રત્યક્ષ તારણહાર

૧-૨૫-૦૭ સીમંધર સીટી

(૧) પ્રેમ સ્વરૂપ તમને કહીને, પ્રેમ સ્વરૂપ નિહાળું, ૧
(૨) સંગમેશ્વર તારા પગલા, કોટી કોટીને ઉદ્ધારશે, ૧
(૩) ચાહે પાસ હો, ચાહે દૂર હો, મારા ભવોભવના તારણહાર છો, ૨
(૪) મારા ભવોભવની ભાવના.. પ્રભુ પ્રેમે આપે સ્વીકારીયાં, ૨
(૫) આરાધના નું આ ફળજો...સમસ્ત જીવોનું કલ્યાણ હો.... ૩
(૬) જેણે જાણ્યું સાચું સુખ અંતરમાં... ૪
(૭) સંયોગની સંગાથે તણાઈ ગયો જે અહંમ ૫
(૮) મુજકો અપને ગલે લગાવો એય મેરે 'હમરાહી', ૫
(૯) અનંતાનું.....બંધનનો....નીકાલી યોગ.....સામે આવ્યો ૬
(૧૦) ભોર ભઈ છે રે, અક્રમ વિજ્ઞાન ની ૬
(૧૧) હો અમે ભૂલી રહ્યાં સંસારી વેશ ૭
(૧૨) તમે મારા મીત છો, તમે મારું હીત છો ૭
(૧૩) દાદા કૃપા છે, તારી જોડે.....અંતરમાં શુદ્ધ સ્થાનક ખોળે ૮
(૧૪) સુન મેરે મીતવા રે.....સુન મેરે મીતવા, ૮
(૧૫) યે તેરા દીવાનાપન હૈ...દ્રવ્ય કરમો કા અસર ૯
(૧૬) સર્વ સંયોગમાં ઉપયોગી, સંવેદના, આરાધના, આરાધના ૯
(૧૭) મને વીતરાગ પ્રભુની આસ... બાકી બધું પરવાસ, ૧૦
(૧૮) મેરા સુંદર સપના બીત ગયા... મે પ્રેમ મે સબ કુછ. ૧૦
(૧૯) ભાવોમાં ઝળકતું આ વિજ્ઞાન ૧૧
(૨૦) કેવા પુરુષો, કેવા વીરલા ! કેવા અનુભવી ૧૨
(૨૧) અનંતાનું બંધનનો નીકાલી યોગ સામે આવ્યો ૧૨
(૨૨) પદ્મનાભ પ્રભુની પ્રતિષ્ઠા પરમ પરમાણુ પ્રમાણે, ૧૩
(૨૩) દોડી દોડીને જવું, જ્ઞાનીના ચરણોમાં, ૧૩
(૨૪) શુદ્ધ દૃષ્ટિ ને આજ્ઞાનુ પાલન હો, ૧૪
(૨૫) રોમે રોમમાં વસતા પ્રભુની, ૧૫
(૨૬) તારી આ જુની માન્યતા ની ભટકણ, ૧૫
(૨૭) આપ્તવાણી જે ખુલી પ્રત્યક્ષ સરસ્વતી રૂપે, ૧૬
(૨૮) આરાધના તીર્થંકરોની, અવશ્ય મોક્ષ ઉપાય; ૧૭
(૨૯) જાગૃતિ સ્વભાને આ સુન... ૧૮
(૩૦) પદ્મનાભ પ્રભુની પ્રતિષ્ઠા પરમ પરમાણુ પ્રમાણે, ૧૮
(૩૧) દોડી દોડીને જવું, જ્ઞાનીના ચરણોમાં, ૧૯
(૩૨) વંદુ શુદ્ધભાવથી પરમ જ્ઞાનીને, ૧૯
(૩૩) સા રે ગ મ પ ધ ની ૨૦
(૩૪) પૂકારી પૂકારી, માંગુ હું સ્વામી, ૨૧
(૩૫) તારા દર્શનનો આ સાર, ૨૧
(૩૬) અક્રમ વિજ્ઞાનની આ ગાડી જો, ૨૨
(૩૭) જ્ઞાનીની છાયામાં બાળકો ખીલે, ૨૩
(૩૮) નીરખીને નૌયૌવના લેશના વીષય નીદાન ૨૩
(૩૯) મને કોઈ સુખ આપે તો મને બહુ ગમે, (હિન્દી) ૨૪
(૪૦) ઢમ ઢમ ઢમ, છમ છમ છમ (હિન્દી) ૨૫
(૪૧) સ્વામી હો સ્વામી, સીમંધર સ્વામી, (૨) ૨૬
(૪૨) તારા દર્શનનો આ સાર, તારી દષ્ટિનો આ સાથ ૨૬


Print 28-1-07 27